## ઉદ્યોગ સાહસિકતાના પ્રહરી

# પદ્મશ્રી ડૉ. વી. જી. પટેલ

ડૉ. વી. જી. પટેલ એવા ઇકોનોમીસ્ટ અને ઇન્સ્ટીટ્યૂશન્સના સર્જક છે. જેમણે એન્ટ્રપ્રિનિયરશીપ માટેના પોતાના અનોખા વિઝનથી વિશ્વભરના અનેક ક્ષેત્રના માંધાતાઓને પ્રભાવી કર્યા અને ભારતને ગૌરવ અપાયું.

ઉદ્યોગ સાહસિકતા માટે પ્રેરકબળ પૂરું પાડનાર ડૉ. વી. જી. પટેલ એન્ટ્રપ્રિનિયરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાના સ્થાપક ડાયરેક્ટર છે. તેમણે લખેલું 'ધ સેવન બિઝનેસ ક્રાઈસિસ એન્ડ હાઉ ટુ બીટ ધેમ' ઉદ્યોગસાહસિકોને માટે ઘણું ઉપયોગી છે. નવા ઉદ્યોગ સાહસિકો માટે બિઝનેસના ફળદાયી પરિણામો કેવી રીતે મેળવવા તેના સચોટ રસ્તાઓ શ્રી વી. જી. પટેલે આ પુસ્તકમાં સૂચવ્યા છે. તેમની બિઝનેસ પોલીસીના આધારે ઘણા ઉદ્યોગકારો સફળતા મેળવી શક્યા છે. નાના ઉદ્યોગો, તેમના અર્થતંત્ર અને તેના વિકાસને માટે તેઓ ઉપયોગી કાઉન્સેલર તરીકે અને નીતિઓના ઘડવૈયા તરીકે ભૂમિકા અદા કરી ચૂક્યા છે.

૧૯૭૦ના દાયકામાં ડૉ. વી. જી. પટેલે એક અનોખુ એન્ટ્રપ્રિનિયરશીપ ક્રિએશન મૉડેલ વિકસાવ્યું અને આજે તેમણે એન્ટ્રપ્રિનિયરશીપ માટેની તમામ ગેરમાન્યતાઓ ભુસીને હજારો એન્ટ્રપ્રિનિયર્સ ઉભા કર્યા છે.

શ્રી વી. જી. પટેલે ઉદ્યોગ સાહસિકતા માટેનું પાયાનું કાર્ય ગુજરાતમાં કર્યું છે. CED (Centre for Entrepreneurship Development 1970-1983) ની રાજ્ય સરકારનાં ઇન્ડસ્ટ્રીઝ વિભાગમાં સ્થાપના કરી.

૧૯૭૯માં GITCO (Gujarat Industrial & Technical Consultancy org ltd.)ની સાત રાજ્ય કક્ષાની સંસ્થાઓ અને જાહેરક્ષેત્ર આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કનો સહકાર લઈને આ સંસ્થાની શરૂઆત કરીને હજારો સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ, ફાઈનાન્સ, માર્કેટીંગ,



ટેક્નોલોજી ટ્રાન્સફર, ISI તથા Q માર્કા જેવી ગુણવત્તા મેળવવા માટેની સહાય અને માંદા એકમોને માંદગીમાંથી બહાર કાઢવા માટે દરેક પ્રકારની સહાય આપે તેવી સંસ્થાની સ્થાપના કરી હજારો એકમોને મદદ કરી.

ત્યારબાદ તેમણે EDI (Entrepreneurship Development Institute of India 1983-2003) ની સ્થાપના કરી. જેના સહયોગથી દેશભરમાં અનેક રાજ્યોમાં આવી સંસ્થાઓની સ્થાપના થઈ અને રાજ્ય સરકારનાં સહયોગથી એમની જ નિશ્રામાં સ્મોલ સ્કેલ યુનિટના બધા એકમોને આ સંસ્થા દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે અને અનેક વિકાસશીલ દેશોમાં ભારત સરકારનાં સહયોગથી આવા EDIની સ્થાપના જેતે દેશમાં થાય છે. ડૉ. પટેલ દ્વારા વિકસાવાયેલું EDI મૉડેલ આજે ઘાના, કેન્યા, ઝામ્બિયા, રવાન્ડા, વિયેતનામ, કમ્બોડિયા, મ્યાનમાર અને લાઓસ જેવા વીસ દેશોમાં કાર્યરત છે. માત્ર ભારત જ નહીં વિશ્વના અનેક દેશોને ડૉ. પટેલે તેમના એન્ટ્રપ્રિનિયરશીપ મૉડેલ્સના વિકાસ માટે સલાહ આપી છે અને તેનો વિકાસ કર્યો છે.

ડૉ. પટેલ અનેક પ્રકારની વિશેષતા અને જ્ઞાન કૌશલ ધરાવે છે. પોલિસી ફોર સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ પ્રમોશન, એન્ટ્રપ્રિનિયરશીપ ડેવલપમેન્ટ ફોર ન્યુ એન્ટરપ્રાઈઝ ક્રિએશન, ઈનોવેશન્સ ઈન બેન્કીંગ એન્ડ ફાઈનાન્સ, બિઝનેસ સ્ટ્રેટેજીસ એન્ડ એન્ટરપ્રાઈઝ ગ્રોથ, ઇન્સ્ટિટ્યૂશન બિલ્ડીંગ ફોર એસએમઈએસ, સ્મોલ બિઝનેસ કન્સલટન્સી એન્ડ એક્સટેન્શન સર્વિસિસ, રિઝિઓનલ પ્લાનીંગ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ લૉકેશન્સ તથા એમ્પ્લોયમેન્ટ એન્ડ સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ સ્ટ્રેટેજીસ જેવા વિષયોના તેઓ નિષ્ણાત છે.

ડૉ. વી. જી. પટેલ ભારત ભરમાં એન્ટ્રપ્રિનિયરશીપ માટે જે ચળવળ ચાલી તેના પિતા ગણાય છે. ખાસ કરીને યુવા ઉદ્યોગકારો માટે તેમને પાયાનું કામ કર્યું છે. વ્હાઈટ કોલર જોબ મેળવીને મીડલ ક્લાસ જીવનમાં કેદ થઈ જતા યુવાનોની માનસિકતા બદલી તેમને એન્ટ્રપ્રિનિયરશીપ ક્ષેત્રે પડકારરૂપ બિઝનેસ કરવા તૈયાર કર્યા.

ડૉ. વી. જી. પટેલના એન્ટ્રપ્રિનિયરશીપ માટેના ખાસ મૉડેલથી ઉદ્યોગ સાહસિક યુવાનો તૈયાર કરવા માટે ગુજરાત સરકારે તેમને જવાબદારી સોંપી હતી. જેમાં ૪૫ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. તેમાંના મોટાભાગના ટર્નર, ફીટર, મશીન ઓપરેટર અને સામાન્ય કક્ષાના યુવાનો હતા. કાર્યક્રમ બાદ ૪૫માંથી ૩૭ જેટલા યુવાનોએ રૂ. ૨.૫ લાખ જેટલી લોન મેળવી અને પોતાના ઉદ્યોગો પણ શરૂ કર્યા, જેમાંથી ૯૦% યુવાનો સફળ રહ્યાં અને આગળ જતાં મોટાં ઉદ્યોગકારો બન્યા.

૨૦૧૪ સુધી તેઓ ઉત્તર પ્રદેશ-અલિગઢની મંગલયત્ન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે જવાબદારી નિભાવી. હાલમાં તેઓ કન્ઝ્યુમર એજ્યુકેશન રિસર્ચ સેન્ટર (અમદાવાદ)ના ટ્રસ્ટી અને ચેરમેન તરીકે કાર્યરત છે.

એક અનોખા ક્ષેત્રમાં પ્રદાન કરી ભારત અને ગુજરાતને ગૌરવ અપાવનારા શ્રી વી. જી. પટેલને પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો તે બદલ 'સાધના' પરિવારની શુભેચ્છાઓ.